# વાવાઝોડાનો અણસાર છતાં વૃક્ષોનું ટ્રીમીંગ ન થતાં શહેરીજનો માથે જોખમ

## માર્ગો ઉપર લચી પડેલી વૃક્ષોની ડાળખીઓ, તંત્રની આળસ અકસ્માત સર્જશે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૩

વાતાવરણમાં વારંવાર થઈ રહેલા ફેરફારો વાવાઝોડાના અણસાર આપી રહ્યું છે. છતાં તંત્ર અગમચેતીના કોઈજ પગલાં લઈ નથી રહ્યું. જેથી વૃક્ષોરૂપી આફત શહેરીજનોના માથે મંડરાઈ રહી છે. સમયસર વૃક્ષોનું ટ્રીમીંગ ન થતાં માર્ગો ઉપર વૃક્ષોની ડાળખીઓ લચી પડી છે. જે જોરદાર પવનના ઝપટે ધરાશાયી થવાની સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. તંત્રની આળસ કોઈ મોટો અકસ્માત સર્જશે અથવા મુખ્ય માર્ગોને બંધ કરી દેશે તેવી દહેશત શહેરીજનો વ્યક્ત કરી રહ્યા છે.

ગાંધીનગર શહેર હરીયાળા નગર તરીકે પ્રચલિત છે. જેમાં બાગ બગીચા સાથે સૌથી મોટો હિસ્સો શહેરમાં મોટી સંખ્યામાં રહેલા વૃક્ષો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ વૃક્ષોની માવજત ન થતાં આડા-અવળા ફૂલી ફાલ્યા છે. જે કારણે મુખ્ય માર્ગો અને આંતરિયાળ માર્ગો ઉપર વૃક્ષોની મોટી મોટી ડાળખીઓ લચી પડી મોટા વાહનો સાથે અથડાઈ રહી છે. જો કે આ ડાળખીઓ ભારે પવન કે વાવાઝોડાના ઝાપટે ચડી જાય તો આખા વૃક્ષને જળમુડમાંથી ઉખાડી નાખતી હોવાના બનાવો ભુતકાળમાં બન્યા છે.

અને હાલ સતત વાતાવરણમાં થઈ રહેલા ફેરફારો અને ફુંકાતા તેજ પવનોથી શહેરીજનો માર્ગો ઉપર પોતાના વાહનો લઈ નીકળવુ સુરક્ષિત માનતા નથી અને જે નીકળે છે તે સાવધાનીપૂર્વક પસાર થઈ રહ્યા છે. તંત્રની ટ્રીમીંગ બાબતની ધરાર અવગણના ટ્રાફીકથી ભરચક રહેતા શહેરના માર્ગોને જોખમમાં મુકી રહી છે. કુદરતી ફેરફારો અચાનક જ બનતા હોય છે. જેથી અગમચચેતીએ દુર્ઘટના ટળે છે. છતાં પણ તંત્ર મીઠી નિંદર માણી રહ્યું છે. ગાંધીનગર શહેરના દરેક મુખ્ય માર્ગો અને આંતરીયાળ માર્ગો ઉપર વૃક્ષો ફુલીફાલ્યા છે જે દરેક નાગરીકને દેખાય છે. છતાં તંત્રને દેખાતુ નથી જેથી સત્વરે કામગીરી આરંભાય તેવી તીવ્ર માંગ ઉભી થઈ છે.

# લેવડ-દેવડના મામલે મિત્રે ઝેર ભેળવી ઠંડુ પીણું પીવડાવ્યું

## ઘ-૫ નજીકથી બેભાન હાલતમાં મળેલા યુવાને પોલીસ સમક્ષ આપ્યું નિવેદન : જીપમાં બેસાડીને કોલ્ડ ડ્રીંક પીવડાવ્યું હતું

ગાંધીનગર,તા.૧૩

શહેરના ઘ-૫ સર્કલ પાસે સે.૧૬ ના ખૂણા નજીકથી ગઈ કાલે બેભાન હાલતમાં મળી આવેલો યુવાન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસને આપેલા નિવેદન પ્રમાણે તેણે જાતે દવા પીધી ન હતી પરંતુ તેના મિત્રએ જ રૂપિયાની લેવડ-દેવડમાં કોલ્ડ ડ્રીંકમાં ઝેર ભેળવી દઈને પીવડાવી દીધું હતું. આ મામલે સે.૨૧ પોલીસે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના ઘ-૫ સર્કલ નજીક ગઈ કાલે મૂળ માણસા તાલુકાના અંબોડ ગામનો અને હાલ અમદાવાદ મોટેરા વિસ્તારમાં રહેતા વિપુલ પુંજાભાઈ પટેલ બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલા વિપુલને સદનસીબે તબીબોએ મોતના મો માંથી બહાર કાઢી દીધો છે. ઝેરી દવા પીવાથી તે બેભાન અવસ્થામાં આવી ગયો હોવાનું જાણવા મળતા પોલીસ હોસ્પિટલ પહોંચી ગઈ હતી. આપઘાતનો પ્રયાસ કરવા પાછળનું કારણ પોલીસે પૂછ્યું ત્યારે બહાર આવ્યું કે તેણે દવા પીધી ન હતી. તેના જ એક મિત્ર કનુ દેસાઈ એ તેને જીપમાં બેસાડીને ઠંડા પીણામાં ઝેર મિલાવી પીવડાવી દીધું હોવાનું નિવેદન આપ્યું છે. રૂપિયાની લેવડ-દેવડમાં તેને વિપુલને ઝેર પીવડાવી દીધું હોવાનું નિવેદન આપતા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

વાહન ચેકીંગ - રાજ્યના પાટનગરમાં આજે દિવસ દરમિયાન પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપસ્થિત હોવાથી સુરક્ષાની વ્યવસ્થા જડબેસલાક બનાવાઈ હતી. નગરના તમામ પ્રવેશદ્વારો પાસે વાહન ચેકીંગ સતત અને સતર્કતાથી કરાતું હતું. આજે ગાંધીનગરમાં દિવસ દરમિયાન રાજકીય બેઠકોનો દોર ચાલુ હોવાથી ભાજપના આગેવાનો અને નેતાઓ ગાંધીનગરમાં ખાસ ઉપસ્થિત હોવાથી આ ઝુંબેશ વધુ વેગવાન બનાવાઈ હતી.

# ગુજરાતમાં ચૂંટણી દરમ્યાન રોકડ ઝડપવામાં સ્કવોડ બહુ સફળ ન થઈ

ગાંધીનગર, તા. ૧૩

લોકસભા ચૂંટણીમાં આવકવેરા વિભાગ કે સરકારને ૨૦૧૨ની ધારાસભા ચૂંટણી જેવી રોકડ આવક થઈ નથી. તા. ૨ એપ્રિલથી રાજ્યમાં ઉમેદવારી પત્રકો ભરવાનો પ્રારંભ થયા બાદ તા. ૩૦ એપ્રિલના મતદાન સુધીમાં ચૂંટણી પંચની સ્કવોડ અને પોલીસે કુલ રૂ. ૧.૨૭ કરોડની રોકડ ઝડપીને આવકવેરા વિભાગને સોંપી છે. જે રકમ ખુબ ઓછી ગણાય છે.

આ ચૂંટણીમાં ફક્ત બે જ કિસ્સામાં રોકડ રકમ ઝડપાઈ હતી જ્યારે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી વખતે ૨૭ કિસ્સામાં રૂ. ૨.૦૩ કરોડની રકમ ઝડપાઈ હતી. આવકવેરા વિભાગના સૂત્રો કહે છે કે આ ચૂંટણીમાં ખર્ચ મર્યાદા જે રીતે વધારાઈ તેની પણ આ અસર હોઈ શકે છે. અથવા તો રોકડની હેરાફેરી કરનારા વધુ ચાલાક બની ગયા છે. ચૂંટણી પંચે આચારસંહિતાના અમલ દરમ્યાન જાહેરનામા બાદ અને મતદાન સુધી આ પ્રકારની ચકાસણી કરાવી હતી. જેમાં ૧૬ એપ્રિલે ચૂંટણીપંચના સ્ટેટીક સ્કવોડે અમદાવાદમાં લૉ-ગાર્ડન પાસે એક વ્યક્તિ પાસેથી ૧ કરોડની રકમ જપ્ત કરી હતી અને સરકારી તિજોરીમાં જમા કરાવી હતી. આ નાણા કમલેશ ધનોવીયા નામના વ્યક્તિના હતા. જે તેણે પુરાવા રજુ કરી પરત મેળવ્યા હતા. તો રાજકોટમાંથી એક વ્યક્તિ પાસેથી રૂ. ૨૨ લાખ ઝડપાયા હતા. પંચના સુત્રો સ્વીકારે છે કે રૂ. ૭૦ લાખની ખર્ચ મર્યાદા કરતા અનેક ગણી વધુ રકમ ખર્ચ થઈ છે. રાજ્યના મંત્રીશ્રી પુરુષોત્તમ સોલંકી પાસેથી ૧.૭૦ લાખની રકમ પણ ઝડપાઈ હતી જે કિસ્સો વધુ ચર્ચાસ્પદ રહ્યો હતો.

# ભાડુ ન ચુકવતા ડેપોની કેન્ટીનને આખરે તાળુ મારી દેવાયું !!

## છેલ્લા ૭ મહિનાથી ભાડુ ચુકવ્યુ ન હતુ : ગ્રાહકો પાસે એમ.આર.પી. કરતા વધુ રકમ વસુલવામાં આવતી હતી

ગાંધીનગર, તા. ૧૩

છેલ્લા ૭ મહિનાથી ભાડુ નહી ચુકવવા બદલ એસ.ટી. ડેપોમાં સ્થિત કેન્ટીનને તાળુ મારી દેવાયું છે. એસ.ટી. નિગમની ડિવીઝનલ કચેરી કક્ષાએથી કેન્ટીન બંધ કરાવી દેવાઈ છે. ગ્રાહકો પાસેથી એમ.આર.પી. કરતા વધુ પૈસા લેવાતા હોવાની ફરિયાદો પણ કેન્ટીન સંચાલક સામે ઉઠવા પામી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારના ગામોમાં નવા બોર બનાવવા દરખાસ્ત

## પાણીની પોકાર ડામવા તંત્રએ વિભાગને દરખાસ્ત કરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના શહેરીવિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ, ધોળાકુવા અને ઈન્દ્રોડા ગામમાં પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા આગામી દિવસોમાં નવો બોર બનાવાશે આ માટે તંત્રકક્ષાએથી વિભાગની જરૂરી દરખાસ્ત પણ કરી દેવાઈ છે.

ઉનાળાની આકરી ગરમીના પ્રારંભે જ શહેરમાં કેટલાક સેક્ટરોમાં પાણીની બૂમરાણ કાને અથડાય છે. શહેરી વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ દસકાઓના પાણીની સમસ્યા પ્રમાણમાં ઘણી નબળી થઈ હોવાનું પણ સ્પષ્ટ થયું છે. પરંતુ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ છેલ્લા કેટલાક સમયથી પાણીની પોકાર ઉઠવા પામી છે. થોડા સમય અગાઉ પણ ધોળાકુવાની મહિલાઓએ પાણીના પ્રશ્ને પાટનગર યોજના વિભાગની કચેરીમાં હોબાળો મચાવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફી યોગ્ય ન હોવાના લીધે પાણીની સમસ્યા વધુ પેચીદી બની છે. આવા સંજોગોમાં ગ્રામજનોને પાણીની સમસ્યામાંથી ઉગારવા તંત્ર દ્વારા નવા બોર બનાવવા દરખાસ્ત કરવામાં આવી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ધોળાકુવા, ઈન્દ્રોડા અને બોરીજમાં પાણીની સમસ્યાને ડામવા નવો બોર બનાવવા માટે તંત્ર કક્ષાએથી વિભાગને દરખાસ્ત સુપ્રત કરી દેવામાં આવી છે. વિભાગકક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ આગામી દિવસોમાં આ ગામોમાં પાણીનો નવો બોર બનાવવામાં આવશે.

# ચૂંટણી જીતવા તમામ પ્રકારના નીતિનિયમો ભાજપે નેવે મુક્યા

## કોંગ્રેસ પ્રદેશ કારોબારીની બેઠકમાં પ્રદેશ પ્રમુખનું નિવેદન ચૂંટણી પ્રચારમાં જોડાયેલા કાર્યકરોને અભિનંદન પાઠવ્યા

અમદાવાદ, તા.૧૩

કોંગ્રેસ પક્ષની આજે રાજીવ ગાંધી ભવન ખાતે મળેલી કારોબારીમાં ઉપસ્થિત પદાધિકારીઓને માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના તમામ આગેવાનો અને કાર્યકરોએ તન-મન-ધનથી પક્ષનું કામ કર્યું છે. તે તમામ ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતૃત્વએ લોકસભાની ચૂંટણીમાં તમામ સહયોગ અને માર્ગદર્શન આપ્યા હતા સાથો સાથ ગુજરાતના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીમાં નવસંચાર કર્યો તે બદલ કોંગ્રેસ પક્ષ અભિનંદન પાઠવે છે.

મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ભાજપે તમામ પ્રકારના નીતિનિયમો નેવે મુકીને ચૂંટણી જીતવા માટે હથકંડા અપનાવ્યા હતા. સરકારી તંત્રનો બેફામ દુરપયોગ કર્યો, કરોડો રૂપિયાની રેલમછેલ કરીને ચૂંટણી જીતવા માટે પ્રયત્નો કર્યા. કોંગ્રેસ પક્ષના તમામ કાર્યકરો અને આગેવાનોએ ભાજપના તમામ કાવાદાવા સામે એક થઈને અડીખમ લડત આપી. ભાજપે નકારાત્મકતાનો આશરો લઈને અત્યાર સુધીની તમામ ચૂંટણીઓનો ભુલાવી દે તે પ્રકારનું વૈમનશ્ય ફેલાવ્યું જે લોકશાહી માટે નુકશાનકારક છે. લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાંની સાથે જ ભાજપે તેની અસલી ઓળખ આપી દીધી છે. ગુજરાતના નાગરીકો પર ખાનગી વીજ કંપની દ્વારા વીજ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.





વરસાદનો વરતારો - વરસાદ પડે કે નહિ અને પડશે તો કેટલો પડશે ? આ માટે કેટલાક સંકેતો દ્વારા વરતારો કરાય છે... ખાસ કરીને હોળીની જ્વાળાઓ, અખાત્રીજનું વાતાવરણ અને ટીંટોડીના ઈંડા મુકવાના સ્થાનના આધારે વરસાદની આગાહી કરાય છે... એમ કહેવાય છે કે, જમીન જેટલા ઉંચે ટીંટોડી ઈંડા મુકે તેટલું પાણી છલકાય જાય... જમીન ઉપર જ ઈંડા મુકે તો સામાન્ય મધ્યમસરનો વરસાદ પડે અને જો જમીનથી નીચે ખાડામાં ઈંડા મૂકે તો ઓછો વરસાદ પડે... આ માત્ર ને માત્ર સંકેતશાસ્ત્ર છે... ગાંધીનગરની સ્કૂલ ઓફ એચિવર પાસે ટીંટોડીએ જમીન પર ચાર ઈંડા મુક્યાની તસવીર ગાંધીનગર સમાચારના વાચક સૌમ્ય બ્રહ્મભટ્ટે પાઠવી છે...

**સનસ્ટ્રોક (લૂ) થી બચવા આટલું કરીએ**

**સનસ્ટ્રોક (લૂ) લાગવાથી થતી વિપરીત અસરો :-**

➡ સામાન્ય રીતે શરીરનું તાપમાન વધવું. ➡ શરીર અને હાથપગમાં અસહ્ય દુ:ખાવો ➡ પરસેવો ખુબ વધારે થવો. ➡ ખુબ તરસ લાગવી. ➡ ગભરામણ થવી. ➡ ચક્કર આવવા ➡ શ્વાસ ચઢવો. ➡ હૃદયના ધબકારા વધી જવા

**સનસ્ટ્રોક (લૂ) બચવા અંગેની મહત્વની સુચના:-**

➡ ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળીએ.
➡ ઉનાળાની ઋતુ દરમિયાન ખુલતાં, સફેદ, સુતરાઉ કપડાં પહેરવા જોઈએ.
➡ નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહી.
➡ દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું. શક્ય હોય તો લીંબુ નું શરબત બનાવીને પીવું.
➡ ભીના કપડાંથી મોઢું ઢાંકી રાખવું અને જરૂર જણાયે અવાર નવાર ભીના કપડાંથી શરીર લુંછવું.
➡ ગરમીની ઋતુ દરમિયાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું.
➡ માથાનો દુખાવો, બેચેની, ચક્કર, ઉબકાં કે તાવ આવે તો તરત જ નજીકનાં દવાખાનાં/શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટરની સલાહ અને સારવાર લેવી.

**આરોગ્ય શાખા, મહાનગરપાલિકા ગાંધીનગર**

**Public Notice**

Notice is hereby given the following sub-broker is no longer affiliated as **sub-broker** of **Way2wealth Brokers Private Ltd** & NSE CM: INB231150237 and NSE F&O INF230663037 Clearing No 11502 and NSE CDM INE231150237 trading member of The National Stock Exchange of India Limited (NSE) & BSE CM: INB011150233 Clearing No: 3117 trading member of Bombay Stock Exchange Ltd having the registered office at Frontline Grandeur, No.14, Walton Road, BANGALORE: 560 001 Karnataka. Any person henceforth dealing with below mentioned sub-broker should do so at their own risk. **Way2Wealth Brokers Private Limited** shall not be liable for any dealings with them.

**Sub-Broker Trade Name:**
**RANJAN INDRAVADAN MEHTA**
**SEBI Reg No:** NSE: INS239560910/23-11502
**Reg. Date:** JULY 30 ,2010
**SEBI Reg No:** BSE: INS019621213/01-11502
**Reg. Date:** AUGUST 06,2010
**Reg. Office Address:**
Shop No. 210, block-D, 2 Floor, Swagat Rainforest, 1, Kudasan, Gandhinagar-382121, Gujarat

By Order of Director
Sd/-
Way2Wealth Brokers Private Limited

# ભાજપ વિજયોત્સવના કાર્યક્રમો ઘડે છે

## ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે વરિષ્ટ મંત્રીઓ અને પ્રદેશના પદાધિકારીઓની સંયુક્ત બેઠકમાં ભાજપના વિજયોત્સવને વધાવવા કાર્યક્રમોને આખરી સ્વરૂપ અપાયુ

ગાંધીનગર, તા. ૧૩

લોકસભા ચૂંટણીમાં ભાજપનો વિજય નિશ્ચિત બનતા આ વિજયને વધાવવા માટેના કાર્યક્રમો ઘડી કાઢવા માટે પ્રદેશ ભાજપ કોર ગ્રૂપની બેઠકનો ધમધમાટ શરૂ થવા પામ્યો છે.

ગાંધીનગર ખાતે આવેલ પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશ કોરગ્રૂપની બેઠક મળી હતી. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, રાજ્યના નાણામંત્રી નિતીનભાઈ પટેલ, મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહીત પ્રદેશ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ૧૬મી મે ના રોજ જાહેર થનાર લોકસભા ચૂંટણી પરિણામોમાં ભાજપને સ્પષ્ટ બહુમતી સાથે ભવ્ય વિજય મળવાની આશા હોઈ આ વિજયને વધાવવા માટે સમગ્ર રાજ્યમાં તમામ જિલ્લા અને તાલુકા મથકોએ કયા કયા પ્રકારના કાર્યક્રમો યોજવા એ અંગે ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

લોકસભા ચૂંટણીમાં ભાજપને મળનાર ભવ્ય વિજયને વધાવી લેવા માટે રાજ્યભરમાં ઐતિહાસિક વિજયોત્સવ કાર્યક્રમો યોજવા માટેનું પણ આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

આ ઉપરાંત વિધાનસભાની ખાલી પડનારી બેઠકોની આવનારી પેટા ચૂંટણીમાં પણ ભાજપને વિજય બનાવવા માટેની અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવા માટેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

**Gujarat State Petronet Limited**

Corporate Identity Number: L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010
Tel.: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

Pursuant to Clause 19 & 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 22nd May, 2014, at Gandhinagar, inter-alia to consider the Audited Financial Results of the Company for the quarter and year ended 31st March, 2014 and to recommend dividend, if any, for the financial year 2013 - 2014.

For Gujarat State Petronet Limited
sd/-
Deputy General Manager (S&L)

Place: Gandhinagar
Date: 13th May, 2014

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com